# જુલાઈમાં બનશે ચંદ્ર-બુધની યુતિ

ગાંધીનગર, તા. ૧૩

સૂર્ય-શનિ પિતા-પુત્રની જોડી ચંદ્ર અને બુધ પિતા-પુત્રની જોડીની એકદમ વિરુદ્ધ છે. જેમની વચ્ચે મિત્રતાની ભાવના છે. જુલાઈ મહિનામાં બુધ અને ચંદ્રનો સંયોગ થવાનો છે. ૧૭ જુલાઈ ના રોજ ચંદ્ર અને બુધનો સંયોગ થશે.

આ બંને ગ્રહોનો સંયોગ તમામ ૧૨ રાશિઓને પ્રભાવિત કરશે. બુધ હાલમાં કર્ક રાશિમાં ભ્રમણ કરી રહ્યો છે અને ચંદ્ર ૧૭ જુલાઈ ના રોજ એ જ રાશિમાં જશે. ચંદ્ર કર્ક રાશિમાં પ્રવેશતાની સાથે જ રાત્રે ૧૦:૩૧ કલાકે આ બંને ગ્રહોનો સંયોગ બનશે. જાણો બુધ-ચંદ્રના યુતિ દરમિયાન કઈ રાશિના જાતકોએ સાવધાન રહેવું પડશે.

મેષ:

મેષ રાશિના લોકો માટે ચંદ્ર પાંચમા ઘરનો સ્વામી છે અને બુધ ત્રીજા અને છઠ્ઠા ઘરનો સ્વામી છે.

પ્રથમ ઘરમાં ચંદ્ર અને બુધના સંયોગની અસરથી વ્યક્તિ સુંદર બની શકે છે. મૂળ સ્વભાવે નમ્ર હોઈ શકે છે. તેની પાસે સારું શિક્ષણ અને સારી મૌખિક ક્ષમતા હોઈ શકે છે. તેઓ કવિતા અને અન્ય કલાત્મક પ્રતિભામાં સારા હોઈ શકે છે. ખોટા આરોપોથી પીડાઈ શકે છે. તેમની સાથે છેતરપિંડી પણ થઈ શકે છે. આ સિવાય

**જ્યોતિષમાં બુધ અને ચંદ્રના સંયોગનું વિશેષ મહત્વ : તારીખ ૧૭મી જુલાઈ ના રોજ ચંદ્ર અને બુધનો સંયોગ**

સ્વાસ્થ્ય મધ્યમ રહેશે. એટલે આ લોકોએ સાવધાન રહેવાની જરૂર છે.

સિંહ:

સિંહ રાશિના જાતકો માટે ચંદ્ર ૧૨મા ઘરનો સ્વામી છે અને બુધ બીજા અને ૧૧મા ઘરનો સ્વામી છે.

૧૨મા ભાવમાં ચંદ્ર અને બુધનો સંયોગ દેશવાસીઓને



આકર્ષક શરીર અને સ્મિત આપે છે.

આ સમયગાળા દરમિયાન દેશી વ્યક્તિ સારો વક્તા બની શકે છે. તમને તમારા અભ્યાસમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે અને તમારા ખર્ચ તમારી કમાણી કરતા વધી શકે છે. તમે પૈસા બચાવી શકશો નહીં. જાતકને વેપારમાં આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

મિથુન:

મિથુન રાશિના લોકો માટે ચંદ્ર બીજા ઘરનો સ્વામી છે અને બુધ પ્રથમ અને ચોથા ઘરનો સ્વામી છે. બીજા ઘરમાં ચંદ્ર અને બુધનો સંયોગ સ્થાનિક લોકોને આકર્ષક દેખાવામાં મદદ કરી શકે છે. આ રાશિના જાતકોને વાણીમાં ડહાપણ આવી શકે છે. આ દરમિયાન વ્યક્તિ સર્જનાત્મક બની શકે છે.

પરંતુ તેમની આર્થિક સ્થિતિ અસ્થિર હોઈ શકે છે. આ લોકોને તેના મિત્રો અને સંબંધીઓ પાસેથી મદદ મળી શકે છે. જાતક માનસિક તણાવ અને અશાંત મનથી પીડાઈ શકે છે.

# રોબોફેસ્ટ અંતર્ગત પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રેઝન્ટેશન મીટ યોજાઈ

**સાયન્સ સિટી ખાતે ત્રિદીવસીય કાર્યક્રમમાં ૧૫૧ ટીમોએ લેવલ-૨માં પ્રવેશ મેળવ્યો : પસંદ કરાયેલી ટીમોમાંથી ૧૨૧ ટીમો ગુજરાતની**

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત સાયન્સ સિટી ખાતે "રોબોફેસ્ટ-ગુજરાત ૩.૦" અંતર્ગત ગુજકોસ્ટ ૩.૦" અંતર્ગત ગુજકોસ્ટ દ્વારા ભારતની સૌથી મોટી રોબોટિક સ્પર્ધામાં ત્રણ દિવસીય પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રેઝન્ટેશન મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૦ થી ૧૨મી જુલાઈ દરમ્યાન યોજાયેલ આ સ્પર્ધામાં કુલ ૧૫૧ ટીમોએ લેવલ-૨ પ્રૂફ ઓફ કોન્સેપ્ટમાં પ્રવેશ મેળવ્યો હતો. સ્પર્ધામાં મુંબઈના ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરના પ્રોફેસર દેબનિક રોયની અધ્યક્ષતામાં ટેકનિકલ સલાહકાર સમિતિ દ્વારા સ્પર્ધકોના કોન્સેપટના પ્રુફનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ રોબો મેકિંગની સાત કેટેગરીમાં યોજાયો હતો. સાયન્સ સિટી ખાતે યોજાયેલ "રોબોફેસ્ટ-ગુજરાત ૩.૦" સ્પર્ધામાં ૧૫૧ ટીમોમાંથી ૧૨૧ ટીમો ગુજરાતની અને ૩૦ ટીમો ગુજરાત બહારની હતી. રોબોફેસ્ટ-ગુજરાત ૩.૦ ને ભારત અને અન્ય દેશોમાંથી ૬૨૯ એન્ટ્રીઓ મળી હતી જેમાંથી ૨૨૪ આઈડિયા પસંદ કરવામાં આવ્યા હતા અને ૧૫૧ આઈડિયાને લેવલ-૨ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ (ઞ) સ્ટેજ સુધી પહોંચાડવામાં આવ્યા હતા અને તેમને કુલ રૂ. ૭૫.૫૦ લાખ સહિત દરેક ટીમને રૂ.૫૦,૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. હેન્ડહોલ્ડિંગ માટે અને યુવા ઈનોવેટર્સને પ્રૂફ ઓફ કોન્સેપ્ટ (PoC)ના વિકાસ માટે માર્ગદર્શન આપવા માટે ૨૪-૨૫ મે, ૨૦૨૩ ના રોજ ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ૧૫૧ ટીમો માટે બે દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦ થી ૧૨ જુલાઈ ૨૦૨૩ દરમિયાન પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. હેક્સાપોડ કેટેગરીમાં, ૧૬ ટીમોએ તેમના પ્રોજેક્ટ્સ પ્રદર્શિત કર્યા હતા, જેમાં ૧૩ ટીમો ગુજરાતની વિવિધ સંસ્થાઓની હતી અન IIT કાનપુર, દ્વૈં ત્રિચી અને ફદ્વૈં નાગપુર જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી એક-એક ટીમે તેમની પ્રભાવશાળી હેક્સાપોડ રચનાઓ સાથે યોગદાન આપ્યું હતું.

સ્વોર્મ કેટેગરીમાં ૧૨ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં ૧૦ ટીમો ગુજરાતની સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી હતી. ટુ-વ્હીલ્ડ સેલ્ફ-બેલેન્સિંગ રોબોટ કેટેગરીમાં સૌથી વધુ ૨૮ ટીમો પ્રદર્શિત કરવામાં આવી હતી અને રોવર કેટેગરીમાં ૩૧ ટીમો હતી જેમાંથી ૭ ગુજરાત બહારની હતી.

અન્ય એક રસપ્રદ શ્રેણી ફન રોબોટિક્સ અને મકાઈ સોલ્વિંગ રોબોટ હતી. આ કેટેગરીમાં પસંદગી માટે ૧૧ ટીમોએ લડત આપી હતી. ટીમોએ મકાઈમાંથી માર્ગ શોધીને પ્રોટાઈપ સાથે કૌશલ્યનું અદભૂત પ્રદર્શન દર્શાવ્યું હતું. અન્ય કેટેગરી જે કોઈપણ પ્રકારની સીમાની બહાર હતી જ્યાં સહભાગીઓ રોબોટ સાથે તેઓ જે સમસ્યાને ઉકેલવા માગે છે તે પસંદ કરવા માટે સ્વતંત્ર હતા તે અન્ય શ્રેણી હતી.



જેમાં ૨૧ ટીમો પસંદ કરવામાં આવી હતી જેમાંથી ૩ ટીમ ગુજરાત બહારની હતી. આ ટીમોએ ડ્રોન, પ્રોસ્થેટિક આર્મ્સ, સ્માર્ટ ક્લિનિંગ અને સર્વિંગ રોબોટ, સ્માર્ટ લાઈબ્રેરી આસિસ્ટન્ટ રોબોટ, રોડ મેઈન્ટેનિસ, ડિલિવરી હેક્સાકોપ્ટર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ રોબોટથી માંડીને અગ્નિશામક રોબોટ જે પાઈપ પર ચઢી શકે તેવા રસપ્રદ પ્રોટોટાઈપ દર્શાવ્યા હતા.

# આવતીકાલે રાજભવન ખાતે રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ અને અમદાવાદની સિવિલ હોસ્પિટલના સહયોગથી આગામી તા. ૧૫મી જુલાઈના શનિવારના રોજ રાજ્યપાલના ધર્મપત્ની પ્રથમ મહિલા દર્શના દેવીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગને ખૂબ જ યાદગાર બનાવવા માટે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્વયંસેવકો જેઓ રકતદાન કરવા ઈચ્છુક છે તેમને ભાગ લેવા મેડિકલ ઓફિસર અને લાયઝન ઓફિસર ડો. શશાંક સિમ્પીને મોબાઈલ નં: ૯૯૭૮૪ ૦૫૯૪૭ સાથે સંકલન કરવા વિનંતી કહેવામાં આવી છે.

# ૨૪ કલાક પાણી આપવાના દાવા સામે એક ટાઈમ પૂરતું પાણી આપવાના પણ ફાંફા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા કરોડોનો ખર્ચ થઈ રહ્યો છે. સાથે જ ૨૪ કલાક પાણી આપવાના પ્રોજેક્ટ માટે આખું શહેર ખોદી નંખાયું છે. પણ હાલ તો એક ટાઈમ પૂરતું પાણી આપવાના પણ ફાંફા થઈ રહ્યા છે. છેલ્લા ચાર દિવસથી નવા સેક્ટરોમાં ખુબ ઓછું પાણી આવતું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. વપરાશ પુરતું પણ પાણી ન આવતા વસાહતીઓની હાલત કફોડી બની છે. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ભર ચોમાસે પાણીની સમસ્યા વિકટ બની છે. સંત સરોવર ભરાઈ ગયો છે. અને ચારેકોર પાણી પાણી છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પાણીની સમસ્યા સર્જાઈ છે. છેલ્લા ચાર દિવસથી નવા સેક્ટરોમાં ખૂબ ઓછું પાણી આવે છે. વળી સવારે એક જ ટાઈમ પાણી આવતું હોવાથી મોટાભાગના રહેવાસીઓ મોટર લગાવી પાણી ભરે છે. હાલમાં પાણીનો ફોર્સ ખૂબ ઓછો હોવાથી મોટર લગાવવા છતાં ઘરના ટાંકા ભરી શકાતા નથી. પાણીનો ફોર્સ એટલો ઓછો છે કે, પીવાનું પાણી પણ છેક બહારના નળથી ભરવું પડે છે. ચાર દિવસથી પાણીની સમસ્યા વિકટ બનતા ગૃહિણીઓ ત્રાહીમામ પોકારી ઉઠી છે. ઘરમાં વપરાશ પુરતું પણ પાણી આવતું ન હોવાથી સવારથી જ પાણી ભરવાની અને દૈનિક કાર્યો કેવી રીતે થશે તેની ચિંતા કરવી પડે છે. ઉનાળો હોય કે ચોમાસું નવા સેક્ટરોમાં વારંવાર પાણીની સર્જાય છે. ક્યારેક સંપની સફાઈના કારણે તો ક્યારેક ટેકનીકલ ફોલ્ટ બતાવી ઓછું પાણી આપવામાં આવતા ગૃહિણીઓને ખૂબ તકલીફ વેઠવી પડી રહી છે.

એક તરફ શહેરીજનોને ચોવીસ કલાક પાણી મળશે તેવા સપના બતાવાઈઈ રહ્યા છે. તો બીજી તરફ તંત્ર એક ટાઈમ પણ પુરતું પાણી આપવામાં ઉણું ઉતર્યું હોવાથી રહેવાસીઓમાં ભારે રોષજોવા મળી રહ્યો છે. ચોવીસ કલાક પાણી આપવા માટે શહેરભરના રસ્તાઓને ખોદી કાઢવામાં આવ્યા છે જેનાથી વસાહતીઓ વધુ રોષે ભરાયા છે. આ બાબતે સ્થાનિક કોર્પોરેટરો અને અધિકારીઓને અનેક રજૂઆતો કરવા છતાં આ સમસ્યાઓનો ઉકેલ આવતો નથી.

# સેન્ડવીચ માટે મને એક ટામેટુ નહોતું આપ્યું, હવે ભલે ભોગવે..!

**સોશિયલ મીડિયા પર ટામેટાના અત્યંત વધી ગયેલા ભાવને અનુલક્ષીને જોક્સની ભરમાર**

ગાંધીનગર, તા. ૧૩

સોશિયલ મીડિયા એક એવુ માધ્યમ છે જ્યાં નાગરિકો પોતાની લાગણી કે વિચારોને જાહેરમાં આસાનીથી વ્યક્ત કરી શકે છે, આ માધ્યમનો ઉપયોગ અનેકવાર મુસીબત જેવી લગતી બાબતોને પણ હળવાશથી લેવાની તક પુરી પાડે છે અને હવે તો કોઈ પણ મુદ્દો હોય તે ભલે પછી આપત્તિ હોય કે સુખદ અવસર હોય પરંતુ તેના વિશે સોશિયલ મીડિયા પર રમુજી ટુચકા વાઈરલ થવા એ સામાન્ય બાબત બની ગઈ છે. અત્યારે દેશભરમાં ટામેટા સહીત શાકભાજીના વધી રહેલા ભાવો અંગે ચિંતજનક સ્થિતિ સર્જાવા પામી છે પરંતુ બીજી તરફ સોશિયલ મીડિયા પર નેટિઝન્સ "ટામેટાના ભાવ"ને લક્ષ બનાવીને વિવિધ પ્રકારના જોક્સ શે'ર કરી રહ્યાં છે. જોકે આ પણ પોતાનો વિરોધનો સૂર કે નારાજગી વ્યકત કરવાની અનોખી રીત છે. આજકાલ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર "ટામેટાના ભાવ" અંગે જે જોક્સ ફરી રહ્યાં છે તે પૈકી કેટલાંક અત્રે વાચકો માટે પ્રસ્તુત છે.

ટચૂકડી જાહેરખબર :

ત્રણ નંગ લાલઘુમ ટામેટા સાવ વપરાયા વગરના સિંગલ ઓનર તાત્કાલિક વેચવાના છે.
દલાલ માફ

હું વિચારી રહ્યો છું કે ટામેટાં લેવું કે બિયર..
ભાવ બનેના સરખા છે...
પછી વિચાર્યું કે ટામેટાંથી પથરી થાય છે.
બિયરથી દૂર થઈ જાય છે..
આરોગ્ય સૌથી પહેલાં..!!

પાડોસણને ગુલાબ આપી આપીને
થાકી ગયો હતો...
આજે ૨ કિલો ટમેટા આપ્યા ત્યારે
માંડ માંડ મેળ પડ્યો ..

જીવનમાં ક્યારેય કોઈને નબળા નહીં સમજો...
કોણે વિચાર્યું હતું કે....
શાકભાજી સાથે રહેતા ટમેટાનું હવે ઉઠવું - બેસવું સફરજન સાથે થશે...!

રેસિપી લખવાની નવી રીત :
મીઠું મરચું હળદર ધાણાજીરૂ સ્વાદ પ્રમાણે..
અને શાકભાજી, ટામેટા, લીંબુ, આદુ ત્રેવડ પ્રમાણે..

ખુશ ખબર..........ખુશ ખબર...........
પેટ્રોલ થયું સસ્તું.....
ટામેટાથી..!

આમ તો હું નિયમિત શાક લેવા જાઉં છુ...
પણ આજે કંઈક નવોજ અનુભવ થયો...!!!
ટમેટાં અને આદુ વાળાની બાજુમાં....
બજાજ ફાઈનાન્સવાળો બેઠો તો...!!!

"I LOVE YOU" લખીને લેટર
પાડોશીને ત્યાં નાંખીને આવી છું....
હવે એ જાણે અને એની વાઈફ!
ગઈકાલે રાત્રે સેન્ડવીચ માટે, મને એક
ટામેટુ નહોતું આપ્યું, હવે ભલે ભોગવે...
- એક ક્રોધિત ગૃહિણી

આ ટામેટા હવે કેટલાંના ઘર ભાંગશે..?!

હવે તો ઘી ગોળના પણ ભાવ વધશે, કેમ કે... ટામેટું રે ટામેટું ઘી ગોળ ખાતુ તું....

હોમ લોન લેવા માટેના
ડોક્યુમેન્ટ...
આધારકાર્ડ,
પાનકાર્ડ,
બેંકની પાસબુક,
૨ ફોટા,
પગાર સ્લીપ અને...
૩ વર્ષના ફાઈલ કરેલ ઈક્મ ટેક્સ રિટર્ન.
(ખાસ નોંધ : જો ઈક્મ ટેક્સ રિટર્ન ફાઈલ કરેલા ના હોય તો છેલ્લાં ૧૫ દિવસના ટામેટા ખરીદીનું પાકું બિલ આપી શકાશે)

ઝોમાટો વિ. ટોમેટો
ઝોમાટોનો ભાવ
નવેમ્બર ૨૦૨૧: ૧૫૦
અત્યારે : ૭૫
ટોમેટોનો ભાવ
નવેમ્બર ૨૦૨૧: ૭૫
અત્યારે : ૧૫૦

# વાવોલના વિકાસની નવી રૂપરેખા કરશે સમગ્ર વિસ્તારની કાયાપલટ..!!

**વાવોલ ખાતે રેલવે ફાટકથી મહાકાળી માતાના મંદિર થઈને "ક" રોડને મળતો માર્ગ ફોરટ્રેક આરસીસી રોડ બનશે : તળાવના બ્યુટીફિકેશન સાથે નવો બગીચો, ચિલ્ડ્રન પાર્ક, એમ્યુઝમેન્ટ પાર્ક, સીનીયર સીટીઝન પાર્ક, પાથ વે, સાયકલ ટ્રેક તેમજ ફૂડ કોર્ટનું નિર્માણ પામશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં વોર્ડ નંબર-૭માં સમાવિષ્ટ વાવોલ ગામની ટૂંક સમયમાં કાયાપલટ થઈ જવા પામશે. વાવોલ ખાતે રેલવે ફાટકથી મહાકાળી માતાના મંદિર થઈને એમ.બી. પટેલ હાઈસ્કુલ આગળથી. "ક" રોડને મળતા માર્ગને ફોરલેન કરવામાં કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે પરંતુ આ કાર્યની સાથે સમગ્ર વિસ્તારને નવી ઓળખ મળે તેવી યોજના આકાર લઈ રહી છે. વાવોલ ગામના સુપ્રસિદ્ધ મહાકાળી માતાના મંદિર પાસેના મુખ્ય તળાવનું નવેસરથી બ્યુટીફિકેશન કરવામાં આવી રહ્યું છે જેમાં અનેકવિધ આધુનિક સુવિધાઓનો સમાવેશ કરાશે. સમગ્ર પ્રોજેક્ટ અંતર્ગત વાવોલના રેલવે ફાટકથી મહાકાળી મંદિર થઈને તળાવ કિનારે ખાડિયા વડથી લઈ એમ બી પટેલ હાઈસ્કુલથી ક-માર્ગ સુધીના વિકાસના આ પ્રોજેક્ટમાં અંદાજે સાડા બાર કરોડથી વધુના ખર્ચે નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે જે આગામી સમયમાં વાવોલની ઓળખ બનશે.



વાવોલના વિકાસ માટે જે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યું છે તે અંતર્ગત રેલવે ફાટકથી મહાકાળી મંદિર, તળાવ, ખાડિયા વડ, એમ. બી. પટેલ હાઈસ્કૂલથી ક-રોડ સુધીનો ૭.૫ મીટરનો ફોર ટ્રેક આરસીસી રોડ બનાવાશે. આ રોડની બંને તરફ એક એક મીટરની ફૂટપાથ હશે તેમજ વચ્ચે એક મીટરના ડિવાઈડરમાં નવીનકકોર એલઈડી સ્ટ્રીટ લાઈટ લાગશે જેના કારણે રાત્રિના સમયે પણ સમગ્ર વિસ્તાર દૂધિયા ચાંદની જેવી રોશનીથી ઝગમગી ઉઠશે. કુલ મળીને અંદાજે આ રોડ આશરે ૧૭ મીટર જેટલો પહોળો થશે. આ ઉપરાંત ખાડિયા વડથી ગ્રીન સિટી સોસાયટી થઈને વાવોલ-કોલવડા ચોકડીને મળતો રોડ અને અંકુર એપાર્ટમેન્ટ ચાર રસ્તાથી વિજય એપાર્ટમેન્ટ થઈને માધવન સોસાયટી તરફનો માર્ગ એમ બંને રોડ પણ આરસીસી બનવા જઈ રહ્યા છે. આ ઉપરાંત મહાકાળી માતાજી ના મંદિર પાસેનું મુખ્ય તળાવ જે અંગ્રેજી આઠડાના આકારમાં બે ભાગમાં વહેંચાયેલું છે તેનું નવેસરથી બ્યુટીફિકેશન કરાશે જેમાં બગીચો, ચિલ્ડ્રન પાર્ક, એમ્યુઝમેન્ટ પાર્ક, સીનીયર સીટીઝન પાર્ક, ચાલવા માટે પાથ વે, સાયકલ ટ્રેક તેમજ ફૂડ કોર્ટનું પણ નિર્માણ કરવામાં આવશે. આ સાથે મહાકાળી મંદિર સામે મુખ્ય ચોક સમા વિસ્તારમાં કૃષ્ણ ભક્ત શિરોમણી મીરાંબાઈની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે જે અનાવરણ બાદ સમગ્ર વિસ્તારનું મુખ્ય આકર્ષણ બનશે. સમગ્ર પ્રોજેક્ટ નવરાત્રી પહેલા પૂર્ણ કરી દેવાશે તેવી તંત્રની તૈયારીઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં ખાનગી બિલ્ડર દ્વારા એક એવું શોપિંગ કોમ્પલેક્ષ બનવા જઈ રહ્યું છે જેમાં જેમ ડોક્ટર હાઉસમાં તબીબો અને આરોગ્ય લક્ષી સેવાઓ અંગેના જ એકમો હોય તે રીતે આ કોમ્પ્લેક્સમાં માત્ર મહિલાઓને લગતી ચીજ વસ્તુઓના જ વેપાર કરતા એકમો હશે જે વાવોલમાં મહિલા સશક્તિકરણને નવું પ્રેરક બળ પૂરું પાડશે.

**કૃષ્ણ ભક્ત મીરાંબાઈની પ્રતિમા મુખ્ય આકર્ષણ બનશે**

વાવોલ ના વિકાસ માટે હાથ ધરાયેલા પ્રોજેક્ટ જે વિસ્તાર આવરી લેવાયો છે તા ત્રણ ધાર્મિક સ્થળોનો સમાવેશ થાય છે જેમાં વાવોલના મહાકાળી માતાજીના મંદિર ઉપરાંત સુપ્રસિદ્ધ સિધ્ધનાથ મહાદેવનું મંદિર અને વારાહી માતાનું મંદિર આવેલું છે. આ ત્રણેય ધાર્મિક સ્થળોની વચ્ચે કૃષ્ણ ભક્ત શિરોમણી મીરાંબાઈની આશરે છ ફૂટથી વધુ ઊંચી પિત્તળની પ્રતિમા સ્થાપિત કરાઈ છે જેનું અનાવરણ વિકાસના પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થતા નવરાત્રીની આસપાસ કરવામાં આવશે. મીરાબાઈની આ પ્રતિમાનું વિશ્વમાં પિત્તળ નગરી તરીકે પ્રસિદ્ધ ઉત્તર પ્રદેશના મુરાદાબાદ ખાતે કુશળ કારીગરોના હસ્તે નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રતિમા હાથમાં તંબુરા અને કરતાલ સાથે કૃષ્ણ ભક્તિમાં લીન હોય તે રીતે મીરાંબાઈ બેઠેલી મુદ્રામાં હશે. સમગ્ર ગુજરાતમાં કદાચ મીરાંબાઈની આ પહેલી પ્રતિમા હશે જે સમગ્ર વાવોલની એક નવી ઓળખ બનશે.

**નવરાત્રી પહેલા તમામ કાર્ય પૂર્ણ કરી લેવાશે : ડેપ્યુટી મેયર**

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૭માંથી ચૂંટાયેલા ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે જણાવ્યું હતું કે "વાવોલના સર્વાંગી વિકાસ માટે હાથ ધરવામાં આવેલો આ પ્રોજેક્ટ જેમાં વાવોલ રેલવે ફાટકથી મહાકાળી મંદિર થઈને ક-રોડને જોડતા માર્ગના સંપૂર્ણ આધુનિકરણ સાથે નવીનીકરણ ઉપરાંત તેને સંલગ્ન અન્ય બે માર્ગોનું પણ નવનીકરણ કરાશે. આ ઉપરાંત મહાકાળી મંદિર પાસેના મુખ્ય તળાવને સેક્ટર-૧ના તળાવની જેમ નવેસર થી બ્યુટીફિકેશન હાથ ધરવામાં આવ્યું છે જેમાં અનેકવિધ આધુનિક સુવિધાઓનો સમાવેશ કરાયો છે. આ સમગ્ર પ્રોજેક્ટને નવરાત્રી પહેલા પૂર્ણ કરી દેવાનું આયોજન છે."